# કોઠારાનું ગગનચુંબી ભવ્ય જિનમંદિર જેમની કીર્તિગાથા ઉચ્ચારી રહ્યું છે, તે
# કચ્છના શાહ સોદાગર શેઠ વેલુ શાહ

**— શ્રી જયભિખ્ખુ**

[ ગુજરાત તથા સૌરાષ્ટ્રની સાથે સંબંધ ધરાવતો કચ્છ પ્રદેશ તેની શૂરવીર, દાનવીર તથા સાહસિક કચ્છી પ્રજાનાં શૌર્ય તથા સાહસની ગાથાઓ ગાઈ રહ્યો છે. તેમાંનો અબડાસાનો પ્રદેશ દશા ઓશવાળ વણિકોની જન્મભૂમિ. મુંબઈ, કલકત્તા તથા દેશ–પરદેશના વ્યાપાર ખેડનારા એ સાહસિક વ્યાપારીઓએ કેવળ લક્ષ્મી કમાઈ જાણી નથી, ખરચી પણ જાણી છે. ભક્તિ, ધર્મભાવના, પરોપકાર તથા પરમાર્થના કાર્યોમાં તે શાહ સોદાગરો એ લક્ષ્મીને પાણીની જેમ વાપરે છે. શેઠ નરશી નાથા, શેઠ નરશી કેશવજી જેવા નરરત્નોએ ઉદારતા તેમ જ ધર્મ-ભાવનાથી શ્રી સિદ્ધગિરિજી જેવાં તીર્થ સ્થળોમાં ભવ્ય ગગનચુંબી જિનાલયો બંધાવી વિશાળ ધર્મશાળાઓ બંધાવી, પોતાની લક્ષ્મીને સફળ બનાવી છે. અબડાસામાં નળિયાના વિશાળ જિનમંદિરોનાં દર્શન કરતાં શેઠ શ્રી નરશી નાથાની ઉદારતા, ધર્મશ્રદ્ધા તથા પ્રભુભક્તિને હાથ જોડવાનું દિલ થાય છે. આ જ રીતે કોઠારામાં ગગનચુંબી અને ભવ્ય, શ્રી સિદ્ધગિરિજી તીર્થની ટૂંક જેવું જિનમંદિર બંધાવ-વામાં જે ભાગ્યશાળી શાહ સોદાગરે પોતાની શ્રદ્ધા, સમર્પણ, સદ્‌ભાવ તથા ભક્તિ-ભાવના તેમ જ આત્મભોગનો ઉજ્વલ ઇતિહાસ સર્જ્યો છે, પૈસો ઉદારતાપૂર્વક હાથના મેલની જેમ ખર્ચ્યો છે, તે શેઠ વેલુ માલુ શાહના જીવનની કહાણી ભવ્ય, હૃદયંગમ શૈલીમાં મહાગુજરાતના પ્રસિદ્ધ વાર્તા લેખક અહીં રજૂ કરે છે. 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થયેલા આ લેખ, તેના લેખકના સૌજન્ય ભાવને સ્વીકારવાપૂર્વક અમે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. **— સંપાદક**]

કચ્છ કોઠારાનો એક છોકરો. વેલુ એનું નામ. રૂપાળાં ને કાવ્યભર્યાં નામોનો એ યુગ જ નહિ. લોકનું ભણતર પણ સાવ સામાન્ય! રળતર માટે તેઓ માને કે હૈયું અને હાથ બે વસ્તુ જોઈએ!

હૈયું એટલે હિંમત જોઈએ. ગમે તેવી પરિસ્થિતિમાં હારવાની વાત નહિ. નિરાશ થવાની નિયત નહિ. કાયરપણું તો પાસે ઢૂંકે જ ક્યાંથી?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથ એટલે પરિશ્રમ કરવાની પૂરી તૈયારી. કામ એને મન કોઈ હલકું નહિ. કામ કરતાં કામચોરી નહિ. કામ કરતી વખતે દામ સામે જોવાનું નહિ! કામ, કામ ને કામ!

વેલાના પિતાનું નામ માલુ શા. માલુ શા મધ્યમ વર્ગનો માણુસ. મહિને દશ રૂપિયાનો પગાર પેઢી પરથી મળે. પોતાનું, પોતાના કુટુંબનું એનાથી પોષણ કરે. સગાવહાલાંને ભીડ પડે ત્યારે પડખે ઊભો રહે. મિત્રોને વખતે ટેકો કરે. અને આમ કરવા છતાં, બાર મહિને સાધુસંત જમાડે, થોડું દાન કરે. એકાદ તીર્થયાત્રા કરે. દેવું કરવું ને દુશ્મનને ઘરમાં ઘાલવો, બંને બરાબર. વૈદ, દાક્તરનો તો એ જમાનો જ નહિ! કાળી જીરી ને એરંડિયું એ દવાઓ! મોટા રોગમાં ડામ એ મહા ઔષધ!

સપાટ ભૂમિ પર વહેતાં સરિતાજળ જેવું શાંત જીવન. છાપાં એ વખતે નહિ, એટલે ગામની ફિકરમાં દુબળા કોઈ થાય નહિ!

માલુ શાના શાંત ઠાવકા જીવનમાં વેલો મહા તોફાની નીકળ્યો. એ ઘરમાં સમાય નહિ. ગામમાં પોષાય નહિ. એને જાણે આ દુનિયા સાંકડી લાગે, અને ખીલે બાંધેલા ઢોરની જેમ એ ગળાની રસ્સી તોડાવવા પ્રયત્ન કરે!

માલુ શા કંટાળ્યા. વેલો એમની આબરુને ઓછી કરે એવો લાગ્યો. પોતાના સાળા મુંબઈ હતા, તેમને પત્ર લખીને જણાવ્યું.

મામાએ લખ્યું : 'સાગરના જીવને સરિતાનાં જળ ફાવતાં નથી. વેલાને વહાણમાં મુંબઈ મોકલો.'

મુંબઈની મુંબાદેવીએ ઘણાના તકદીરની તસ્વીરો ફેરવી નાખી હતી. વેલો વહાણે ચડયો! વહાણના તોફાની તરંગો જોઈ એને શાંતિ વળી! હાશ! ગામડાના મૃત જીવન કરતાં સાગરના આ તરંગોમાં રમતું મોત મને વધુ રૂપાળું લાગે છે.

વેલો મુંબઈ બંદરે ઊતર્યો! ઓહ! કેટલી વિશાળ દુનિયા! કયાં સ્મશાન જેવું સાંકડું પોતાનું સ્થાન અને કયાં આભના પેટ જેવું મુંબઈ!

વેલો નાચી રહ્યો. મામાએ નાથ્યા વગરના આખલા જેવા વેલાને નાથ નાખી. એને ભણવા બેસાડયો. એ વખતનું વેપારીના દીકરાનું ભણતર કાચું નામું ને પાકું નામું! બાકી દુકાનનું કામ કચરો, પુંજો ને ઉઘરાણી. રોજના વીસેક માઈલ પગ નીચેથી સામાન્ય રીતે પસાર થઈ જાય!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતા માલુ શાને પુત્રની ચિંતા હતી. એના મામાનો પત્ર આવ્યો કે, વેલાને હવે દુકાન કરી આપવી છે. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર ને કનિષ્ઠ નોકરી! ખેતીના તો જોગ નહોતા ને નોકરી ગમતી નહોતી!

પિતા માલુ શાએ રૂપિયા એક હજારની હૂંડી મોકલી. મામાએ માંડવી બંદર પર, કાથા બજારમાં વેલાને કાથીની દુકાન કરી આપી.

કાથીનો વેપાર! સામાન્ય માણસને એનું કંઈ મહત્ત્વ ન લાગે, પણ સામાન્યમાંથી વિશિષ્ટતામાં પ્રવેશનાર આ લોકો હતા. નીસરણીના એકએક પગથિયે ઊતર ચઢનારા હતા. પહેલે વર્ષે રૂપિયા સો ની કમાણી કરી.

વેલો અચ્છો વેપારી થઈ ગયો! પણ એની નજર સામે અનંત જળરાશિભર્યો સાગર નર્તતો હતો. એ તરંગો પર સફર ખેડતાં વહાણો એના દૃષ્ટિપથને આવરી લેતાં. દુકાનમાં બેઠો વેલો જાણે વહાણની લાંબી સફર ખેડવાના દીવાસ્વપ્ન માણતો.

વેલાએ ધંધાનો વિસ્તાર કર્યો. કાથીના બદલે વહાણનાં દોરડાંનો વેપાર વધાર્યો. કમાણી વધી. મા-બાપને સંતાપ આપનાર સુપુત્રે માતાપિતાને તીર્થયાત્રાઓ કરાવવા માંડી.

માતાપિતા વેલાને પરાક્રમી નીવડેલો જોઈ રાજી થયાં. વેલાએ હવે મલબારથી માલ મંગાવીને વેચવા માંડયો, વહાણના મોટા રસ્તાઓનો વેપાર આરંભ્યો.

આ ધંધામાં મોટા મોટા વહાણવટીઓ સાથે પિછાન થઈ. દેશ પરદેશની વાતો એની પાસેથી સાંભળવા મળી!

વેલાના પરાક્રમનો ઘોડો થનગની રહ્યો. એ કલ્પનાની પાંખે ઊડવા લાગ્યો, ને પરદેશો ને બજારોમાં ધૂમ વેપાર જમાવવા લાગ્યો.

અલકાસમ કરીને બસરાના એક વહાણવટી સાવે વેલા શાને પિછાન થઈ. એ વખતે વહાણો ઘણાં ફરતાં, પણ એમાં સાચાં વેપારી વહાણ કયાં, અને ચાંચિયાગીરી કરનારાં વહાણ કયાં, એની તપાસ મુશ્કેલ હતી.

લોકો વેલા શાને ડરાવતા : 'જો જે ભલા માણસ! લાખના બાર હજાર ન કરતો. એના કરતાં આ થડાનો શાંતિભર્યો ધંધો શું ખોટો છે?'

પણ જેની નસોમાં સાહસ છે, એ નરકેસરીઓ કદી આવી વાતોથી નરમ પડતા નથી. એમના પરાક્રમને એથી પાંખો ફૂટે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેલાએ બસરાવાળા અલકાસમ સાથે ગોઠવણ કરી. જે મૂડી હતી એમાંથી કાપડ, અનાજ, ગરમ મસાલા ખરીદ કર્યાં.

સ્નેહીઓ હજી શિખામણ આપી રહ્યાં હતાં : 'વેલા ! લાખના બાર હજાર ન કર !' પણ માને તો વેલો નહિ!

સંવત ૧૮૯૨નું એક પ્રભાત ખીલતું હતું અને એ વહાણ પર ચડી ગયો. વહાણ હાંક્યું !

દરિયાના ઉછળતા લોટ પર લોકહૃદય લઈને વેલા શા બેઠા. એડન ગયું, હોડેડા ગયું, બસરા ગયું !

પણ ચતુર વેલો શાને અલકાસમના હૈયામાં એરુ અને વીંછી ફૂંફાડા મારતા ભાસ્યા. એની મરજી વહાણને કોઈ પણ ચાંચિયા બંદરે લઈ જઈ માલ લૂંટાવી દેવાની હતી.

વેલો શા ખૂબ ડર્યા, પણ હૈયું હાથ રાખી રહ્યા. આ વખતે એ પોતાના ઇષ્ટદેવને સ્મરી રહ્યા.

પુરુષાર્થીઓનાં પ્રારબ્ધ પણ અજબ હોય છે. એ વખતે પડખેથી એક અંગ્રેજી મનવાર નીકળી.

વેલા શાએ બૂમ પાડી અને પાસે બોલાવી. અંગ્રેજ કપ્તાને તરત મનવાર પાસે લીધી ને વેલો શાને કારણ પૂછ્યું. વેલોશાએ માર્મિક ભાષામાં પોતાની વાત કરી દીધી.

અંગ્રેજ કપ્તાને અલકાસમને ઉધડો લીધો. કહ્યું : 'સીધે સીધા વેપારી બંદરે હંકારી જાઓ. જો આડાઅવળા ગયા છે, તો ખબર લઈ નાખીશ.'

અલકાસમ ઢીલો પડી ગયો. લાલ આંખો કાઢતો અંગ્રેજ કપ્તાન ચાલ્યો ગયો. પણ હવે વેલો શાને વિપદ હતી. અલકાસમ વિફરી બેસે તો ? વેલો શાએ વાણિયા વિદ્યાથી વાત કરતાં કહ્યું :

'અલકાસમભાઈ ! આપણી દોસ્તીને આ ગોરો શું સમજે ? એને તો વહેમ પડ્યો ને તમને કહ્યું. જરા ય મનમાં ન રાખશો. મેં એને નિરાંત થાય તેમ કહ્યું છે. એની પાસે તાર વગરનો ટેલિફોન છે. મેં કહ્યું કે, એવું કંઈક હશે તો તરત ખબર આપીશ.'

અલકાસમ ડાહ્યો થઈ ગયો. એને લાગ્યું કે, આ વાણિયાને છેતરવા જેવો નથી. એ મિત્ર બની રહ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેલા શાએ વેપારમાં તેનો પણ થોડો ભાગ રખાવ્યો. પોતે અરબી ભાષાનો અભ્યાસ કર્યો. ભાષાના વાહન દ્વારા એનો ધંધો ખૂબ વધ્યો.

મોખા, એડન અને બસરાના વેપારીઓ સાથે ઘર જેવો સબંધ કર્યો. આડતો બાંધી માલ વેચ્યો ને લીધો.

આઠ મહિનાની એક ખેપમાં કોરા રૂપિયા અગિયાર હજાર કમાઈને વેલો શા મુંબઈ પાછા ફર્યા.

અને હવે વેલા શાએ દેશ–પરદેશના પાણી પીવા માંડયા. વેપાર ખેડવા માંડયો. લક્ષ્મીના ચરણ ઘરમાં ચોટી ગયાં.

પણ આ બધા લક્ષ્મીદાસો નહોતા કે, લક્ષ્મીના દાસ્યમાં જીવન વેડફી નાખે.

આ બધા લક્ષ્મીપતિઓ હતા. નાવમાં પાણી વધ્યું કે, બબ્બે હાથે ઉલેચવા લાગે! લઈ જાઓ! લેતા જાઓ! આવ્યું કે વાપર્યું. વાપર્યું એ આપણું, રાખ્યું એ પારકું!

‘કાં નર ભીંતડે કે કાં નર ગીતડે’ એ કામથી અમર થતા. વેલા શાએ સાગરપારથી દૃષ્ટિ ખેંચીને મુંબઈ પર માંડી, અને મુંબઈ પરથી હઠાવીને પોતાના વતન કચ્છ કોઠારા પર મૂકી!

કચ્છ કોઠારામાં મારા ઇષ્ટદેવનું એક સુંદર કળામય મંદિર બાંધું. સં. ૧૯૧૪માં વેલા શાએ પ્રારંભ કર્યો ને સં. ૧૯૧૮માં મંદિરની પૂર્ણાહુતિ કરી.

અદ્‌ભૂત મંદિર સરજાયું! અજબ કોતરકામ એમાં આલેખાયું. આજે પણ વેલા માલુના નામે પ્રખ્યાત મંદિરને જોનાર સહસા મસ્તક નમાવે છે! શું ધર્મપ્રીતિ!

આ મંદિરની પ્રતિષ્ઠા વખતે વેલા શાએ હજારો માણસોનો સંઘ કાઢયો. આ વખતે એમની મિલકત ઓછામાં ઓછી પચાસ લાખની અંકાતી. હજારો માણસો એમાં જોડાયા.

દિવસો સુધી ગામનો ધુમાડો બંધ કરાવ્યો. ગામમાં કોઈ રાંધે નહિ!

* * *

---

ऐस मरणा पमुच्चई, से हु दिट्ठभए मुणी लोगंसि परम दंसी।

— श्री आचारांग सूत्र

જે મુનિ છે, અર્થાત્ સમ્યગ્ વિજ્ઞાન અને અનુષ્ઠાન સ્વરૂપ મોક્ષ માર્ગમાં નિશ્ચલ છે, સંસારભયને સ્મૃતિમાં રાખે છે અને આખા જગતના અગ્ર ભાગ પર અવસ્થિત મોક્ષ સ્થાન પર સતત દૃષ્ટિ રાખે છે, તે નિષ્કામ અવસ્થા પામી મૃત્યુ એટલે સંસારથી મુક્ત થાય છે.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org